સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

નિકળે છે બોદા પાકાં ખત કરવાં પડે!
રાખવી ચોકસાઈને તંત કરવા પડે!
રહી ભૂખ્યાં, અપવાસે રહેવું પડે રત -
સારા પતિ માટે હવે વ્રત કરવાં પડે!!
(દૂધના દાઝ્યાં...)

થાય હેરાન,
આ જમાનામાં પણ -
જયા - પાર્વતી...

જિંદગીભર,
જવાબદારી કાજે -
છે જાગરણ...
(પતિ - પારાયણ...)

હાઈકુ

ચિંતન

ઉદારસ્ય તૃણં વિત્તં શૂરસ્ય મરણં તૃણમ્ ।
જિતાક્ષસ્ય તૃણ લોભો નિઃસ્પૃહસ્ય તૃણં જગત્ ॥

ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત સુભાષિત સંગ્રહમાંથી લેવામાં આવેલ છે.

ઉદાર વ્યક્તિને માટે ધન તણખલા સમાન છે, શૂરવીરને માટે મરણ તણખલા સમાન છે, ઈન્દ્રિયોને જીતનાર માટે લોભ તણખલા સમાન છે. નિઃસ્પૃહીને માટે આ જગત તણખલા સમાન છે.

જે લોકો જીવન જીવવાનો હેતુ-ધ્યેય પામી ગયા છે એમને માટે સુખ-ભોગની તમામ ચેષ્ઠાઓ તણખલાં સમાન છે.

જીવનમાં રૂઢિગત ફરજો નિષ્ઠાથી જરૂર બજાવવી જોઈએ પણ 'નિસ્પૃહ' રહીને - 'જલકમલવત્' રહેવું જોઈએ.

સુવિચાર

- વલણ એવું રાખવું કે બધું સ્વિકારવું, પછી જળ મળે કે ઝાંઝવું,
  હતા કાંકરા ને વળાંકો ઘણા, લીધી ટેક, અંતર સતત કાપવું - **પ્રેમ સુમેસરા**
- 'હૃદય' કેવું ચાલે છે તે તો ડૉકટર બતાવી દેશે, પણ 'હૃદય'માં શું ચાલે છે
  એના માટે તો 'સાચા દોસ્તો' જ જોઈએ - **અખંડ આનંદ**
- બાદશાહ તો વક્ત હોતા હૈ, ખામખાં ઈંસાન ગુરુર કરતા હૈ - **અકબર જયપુરી**
- આપણને પોતાને 'હું કોણ છું' તે શોધવાની તકલીફ છે... બાકી બધું તો ગૂગલમાં છે - **એસ. ભટ્ટાચાર્ય**
- દુઃખને પોતાનો ગુરુ માની લો, સુખ તમારી પાસે ભણવા આવશે - **જન્મભૂમિ**
- આકાશને અડકી લેવું એ સફળથા નથી પરંતુ આકાશને અડતી વખતે
  તમારા પગ જમીન પર રહે એ સાચી સફળતા છે - **નવનિત**
- આજનું ઔષધ : ખડી સાકરનો ભૂકો કરી તપકીરની જેમ સુંઘવાથી નાકમાંથી પડતું શરદીનું પાણી તરત અટકે છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

આજકાલ અમીચંદો અને ખૂટલ દેશદ્રોહીઓનો તોટો નથી. 'આઝાદી' અને 'બલિદાન'ની કિંમત એ લોકો સમજતા નથી.

વીર સાવરકર કોઈ કામસર નાશિક ગયા હતા, ત્યાં ઠેર ઠેર એડવર્ડ આઠમા રાજયાભિષેકના પોસ્ટરો અને તોરણો અને ચોપાનિયા લગાવેલા જોઈ એમને ખુબ દુઃખ થયું. આમ તો આ સમારંભ સ્થળ પર જઈ જેમણે આવું આયોજન કર્યું હતું તેમને આકમકતાથી કહ્યું, 'તમને શરમ નથી આવતી... જેમણે આપણી માતૃભૂમિને ગુલામ રાખી છે તેના રાજ્યાભિષેકમાં હાજરી આપવી એટલે આપણી ગુલામીનો ઉત્સવ ઉજવવો, વિદેશી રાજા પ્રતિ રાજયભક્તિનું પ્રદર્શન એટલે આપણા દેશ પ્રત્યે દ્રોહની અભિવ્યક્તિ છે.'

સાવરકરનો મિજાજ જોઈ આયોજકો શરમઆઈ ગયા અને વીર સાવરકરની શ્રમા માંગીને કાર્યક્રમ ફોક જાહેર કરી દીધો.

ગુજરાત પણ ચાણક્યો પકવી શકે છે

તંત્રીસ્થાનેથી...

સ્વામી સચ્ચિદાનંદજીના ગ્રંથ ચાણક્યની રાજનીતિનું અર્પણ વાક્ય આ પ્રમાણે છે : 'ગુજરાતના ચાણક્ય અને ચંદ્રગુપ્ત શ્રી નરેન્દ્ર મોદીને.' ગ્રંથનું પ્રકાશન ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય દ્વારા થયું હતું અને તે સમયે નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા. સ્વામીજી જેવા ક્રાંતિકારી વિચારક સંતપુરુષને એક જ નેતા ચાણક્ય અને ચંદ્રગુપ્તના સંયુક્ત અવતાર જેવા લાગ્યા હતા. ભાજપના વર્તમાન રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ માટે હવે દેશ આખો 'ચાણક્ય' ઉપનામ વાપરવો લાગ્યો છે. અલબત્ત, એમણે એમની તીક્ષ્ણ રાજકીય સૂઝનો અત્ર-તત્ર-સર્વત્ર પરચો બતાવીને આ બહુમાન પ્રાપ્ત કર્યું છે. જયારે રાજનાથસિંહે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ પદભાર છોડી નરેન્દ્રભાઈ મોદીના મંત્રીમંડળમાં ગૃહમંત્રી તરીકે જોડાવાનો નિર્ણય કર્યો ત્યારે દેશના સામાન્ય મતદાતાને સ્વપ્ને પણ કલ્પના ન હતી કે ગુજરાતી વડાપ્રધાન બીજા એક ગુજરાતી નેતાને જ આ રાષ્ટ્રીય કક્ષાની અતિમહત્ત્વની જવાબદારી સ્વીકારવા તૈયાર કરી રહ્યા હશે. અનેક સિનિયર અગ્રણીઓના નામો ચર્ચામાં હતા. એ તમામને અતિક્રમી ગુજરાત વિધાનસભામાં અમદાવાદનું પ્રતિનિધિત્વ કરતા અને મૂળે માણસાના વતની એવા એક અદના કાર્યકર્તાને ભારતીય જનતા પાર્ટીએ એના સર્વોચ્ચ પદાધિકારી તરીકે સ્વીકારી આશ્ચર્ય સર્જ્યું હતું. કેટલાકને એવું પણ લાગ્યું હશે કે પાર્ટીમાં બીજું સત્તાકેન્દ્ર ઊભું ન થાય એવી ગણતરીથી વડાપ્રધાને એમના ગુજરાતી સાથી પર પ્રમુખ પદનો કળશ ઢોળ્યો હશે. પરંતુ અમિત શાહે પદભાર સંભાળ્યા પછી જે રીતે એમની કાર્યદક્ષતા અને પરિણામલક્ષી રાજકીય સૂઝબૂઝનો પરિચય આપ્યો છે. એ જોયા પછી તો એમ જ લાગે કે અત્યાર સુધીના ભારતીય જનતા પાર્ટીના ધુરંધર નેતાઓના કાર્યકાળમાં પાર્ટી જે સિદ્ધિઓ નહોતી આંબી શકી તે અમિત શાહના સમયમાં આંબી શકાઈ છે.

એમાં જો વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વિકાસ પુરુષ તરીકેની ઈમેજનો ફાળો હોય તો એટલો જ જશ એ ઈમેજનું સુઆયોજિત ઢબે માર્કેટિંગ કરનાર પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષને પણ આપવો જ રહ્યો. વળી કોઈ પણ ચૂંટણી ફક્ત આદર્શો કે ઈમેજના નામે નથી જીતી શકાતી. એ માટે શંકરસિંહ વાઘેલાની ભાષામાં કહીએ તો ઊંડું 'હોમવર્ક' કરવું પડે છે. અમિત શાહે જે રીતે ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં ચૂંટણીલક્ષી 'માઈક્રોપ્લાનિંગ' કર્યું; હિંદુત્વનો હુકમનો એક્કો ઊતરવાની સાથે એમણે જે રીતે જાતિ અને પ્રતિભાનાં સમીકરણ માંડી ઉમેદવારો ઊભા રાખ્યા, તેને કારણે ધારણા કરતાં પણ વધુ બેઠકો લોકસભાની ચૂંટણીમાં મળી અને વિધાનસભાની ચૂંટણીમાં પણ જયયકાર થયો. આ વ્યૂહાત્મક રાજનીતિમાં કેટલાંક અણગમતાં સમાધન અને કડવા નિર્ણયો કરવામાં પણ અમિત શાહ અચકાતા નથી, તે એમની પરિપક્વ અને પરિણામલક્ષી રાજનીતિનો પુરાવો છે. અત્યાર સુધી કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષો બહુ બહુ તો બૂથ લેવલના પ્લાનિંગની ચર્ચા કરતા રહ્યા છે. અમિત શાહે 'પેજ પ્રમુખો'ની નવી ફોજ ઊભી કરીને ચૂંટણીની નવી રણનીતિનો સૂત્રપાત કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશવિદેશમાં ફરી સરકારની આભા ચમકાવવા કાર્યરત છે ત્યારે આ પાયાની ઈંટ જેવા એમના રાષ્ટ્રીય અધ્યક્ષ પેજ પ્રમુખોનાં સંમેલનો કરી આગામી ચૂંટણીઓનાં પડકાર ઝીલવા પાર્ટીને સજ્જ કરી રહ્યાં છે. એમણે પાટનગરમાં 'વિજયકામનાપૂર્વક' આવકારવાનાં હોર્ડિંગ્સ જોઈ એટલું તો જરૂર કબૂલવું પડે કે ગુજરાત એક જ સમયગાળામાં દેશની 'નંબર વન' અને 'નંબર ટુ' જેવી સર્વોચ્ચ જગ્યા પર બે-બે ચાણક્યોને બેસાણી જાણે છે. અમિત શાહે અનેક વિવાદો અને વિરોધવંટોળો ઓળંગી પાર્ટીને એની સર્વોચ્ચ સ્થિતિ પર લાવી દઈ અદના ગુજરાતીની અંતર્નિહિત તાકાતનો જ પરિચય કરાવ્યો છે.

સિર્ફ સર ઝૂકાના સજ્દા નહિ હોતા

અદબ-પલાંઠી મોં પર આંગળી
ડૉ. સંતોષ દેવકર

'તારી બંદગી ખુદાએ સ્વીકારી નથી.'

એ સાંભળતાની સાથે જ બંદો તાનમાં આવી ને નાચવા લાગ્યો.રમજાન માસના પવિત્ર દિવસોની વાત છે. એક બંદો દરરોજ, નિયમિતપણે પાંચ નમાઝ અદા કરતો.જે જગ્યાએ એ નમાઝ પઢતો હતો તે જગ્યાએ જમીન પર તેના ઘુટણ આકારના ખાડા પડી ગયેલા. અલ્લાહ પર પૂર્ણ વિશ્વાસ. કોઈપણ જાતના લોભ-લાલચ વગર હૃદયના ઊંડાણથી અલ્લાહને યાદ કરતો હતો. તેને વિશ્વાસ હતો કે વિશ્વશાંતિ માટેની મારી બંદગી, એક દિવસ પરવરદિગાર જરૂર કબૂલ કરશે.

એક દિવસ બંદો નમાઝ પઢતો હતો ને અચાનક આકાશવાણી થઈ.

'હે બંદા... ! તુ રોજ નમાજ પઢે છે ?' 'હા ... હુજુર... નિયમિત, દરરોજ.' 'પરંતુ... ?' 'પરંતુ શું ... ?' 'ભલે તુ રોજ નમાઝ પઢે છે પરંતુ ?' 'શું ?' 'પરવરદિગારે તારી બંદગી કબૂલ કરી નથી.' 'ઓ..હ... !'

'હા, તારી બંદગી ખુદાએ સ્વકારી નથી.'

અને બંદો તો તાનમાં આવીને નાચવા લાગ્યો. ખુશ થઈને બુમો પાડવા લાગ્યો. એ એટલો બધો ખુશ હતો કે એ શું કરી રહયો છે. તેનું તેને જરાય ભાન નહોતું. પોતાના બન્ને હાથ ચારેય દિશામાં ફંગોળતો ખુશીનો માર્યો અજીબો ગરીબ હરકતો કરવા લાગ્યો. ત્યારે પુનઃ આકાશવાણી થઈ.

'બંદા, જો અલ્લાહતાલા તારી બંદગી સ્વીકારતા નથી, તો તારે નિરાશ થવું જોઈએ. દુઃખી થવું જોઈએ. ઉલટાનું તુ ખુશ થઈને નાચી રહયો છે ?'ત્યારે ખુદાના એ સાચા બંદાએ જવાબ આપ્યો.

'કે ભલે ખુદાએ મારી બંદગી કબુલ નથી કરી તેનો મને કંઈ જ વાંધો નથી. પરંતુ ખુદા ને ખબર છે કે હું અહીં દરરોજ તેને પ્રાર્થના કરું છું. બસ, આટલું મારા માટે પૂરતું છે.

પ્રભુ મારી પ્રાર્થનાનો સ્વીકાર કરે કે ન કરે પણ તે જાણે તો છે જ કે હું નિયમિત પણે તેને પ્રાર્થુ છું.' કોઈપણ ભકત માટે આ મોટી મિરાત છે.રમઝાન માસના પવિત્ર દિવસોમાં ખુદા તરફથી મને મળેલો આ મોટો પ્રસાદ છે.

બંદો તો ખુશીનો માર્યો નાચતો જતો'તો ને ગાતો જતો'તો. તેનો આનંદ સમાતો નહોતો.

જીવનમાં જેવું નિયમિતતાનું મહત્ત્વ છે તેવું અન્ય ગુણનું ભાગ્યે જ હોઈ શકે ! સૂર્ય એ નિયમિતતાનું પ્રતીક છે. તો ચંન્દ્ર એ પરિશ્રમનું પ્રતીક છે. પરિશ્રમી હોય અને નિયમિત હોય તેને આ દુનિયાની કોઈ તાકાત સફળ થતા રોકી શકે નહિ. સફળતા તેના કદમોમાં આવી પડે. એ વાતમાં જરાય અતિશયોકિત નથી. આ તબકકે પરવરદિગારે કબુલ કરવું પડે, 'ખુદા બંદે સે ખુદ પૂછે બતા તેરી રઝા કયા હે ?' સાચો વિધ્યાર્થી હંમેશા નિયમિતતા અને પરિશ્રમને પ્રેમ કરતો હોય છે.ગાંધી બાપુ હંમેશા પોતાના કાર્યમા નિયમિત હતા. તેમનુ તો કાર્ય જ એવું હતુ કે બીજા એ નોંધ લેવી જ પડે.?

હું મારું કાર્ય મારા માટે કરું છું. કોઈના માટે નથી કરતો. કેટલાક લોકો કામ કરે ખરા, પરંતુ બીજા તેની નોંધ લે તેવો (દૂર) આગ્રહ સેવતા હોય છે. પ્રશંસાની ભીખ માગતા નજરે પડે. તેમના કાર્યની સરાહના થાય તેમ ઈચ્છતા હોય છે. પરંતુ ગીતામાં કહયું છે તેમ કાર્ય કરતો જા, હાક મારતો જા, મદદ તૈયાર છે. જો દેખાડો કરવા માટે કર્મ કરીશ તો તે કર્મકાંડ કહેવાશે. સફળતા ને વરેલી વ્યકિતઓનું જીવન પરિશ્રમ અને નિયમિતતાથી ગુંથાયેલું હોય છે.

મિસરી
છો વેદ વાંચનારાને માનહાની લાગે
પ્રસ્વેદ પાડનારા અમને તો જ્ઞાની લાગે
(રઈશ મણિયાર)

- santoshdevkar03@gmail.com

આ ગુરુપૂર્ણિમાએ હું મને પ્રણમું છું

વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

કેમ આશ્ચર્ય થયું ને! આવું ગર્વિષ્ઠ, આત્મશ્લાઘા યુક્ત વાક્ય ઉચ્ચારવાની આપણી મજાલ થાય જ કેમ!

સ્વયંસિદ્ધ ગુરુ પોતાની જાતને માની લેવાની મૂર્ખ વ્યક્તિ તરીકે સભ્ય સમાજ ભલે ઓળખ આપે. પણ હું મારા ઉપરોક્ત વાક્ય પર કાયમ જ રહેવાનો છું, અટલ રહેવાનો છું.

આપણે બધા કેવા પામર મનુષ્યો છીએ, જીવનની ઘટમાળમાં બે છેડા ભેગા કરવામાં કેમેય કરીને ઊંચા ન આવનારા આપણે...

બાળકોની સ્કૂલની ફી, ઘરના હપ્તા, સગપણના સંબંધ સાચવવાના ચાંલ્લા, ફ્રીજના ઈ.એમ.આઈ, એલ.આઈ.સીની પૉલિસી, મેડી કલેઈમ પ્રીમિયમ અને શાકભાજી, લાઈટ બીલ, ટેલિફોન બિલ વચ્ચે અટવાતા આપણે...

કયા રાજા ભોજ અને કયાં ગંગુ તેલી... વેદાન્તનું, ફિલસૂફીનું, કે શાસ્ત્રોનું જરા પણ જ્ઞાન ન હોય તો વળી ગુરુપણું આપણને કયાંથી લાધે...?

શું ભક્તોનું કે ઠગભક્તોનું મસમોટું ટોળું આપણી આહલેક વગાડતું રહે છે? ગાદીપતિ, પીઠાધીપતિ, જેવા કોઈ દરબાર આપણે ભરી શકતા નથી... આપણે રહ્યા માત્ર ધર્મપત્નીના એકમાત્ર પતિ... બીજા કોઈના પતિ બનવાની ઓકાત કયાં છે આપણી. ગુરુ બનવા નીકળ્યા મોટા વળી!

ભગવતીકુમાર શર્મા કહે છે તેમ -

અમે આંધી વચ્ચે તણખલાંના માણસ;
પીળા શ્વાસની તુચ્છ ઘટનાના માણસ...

આપણે બિલકુલ આવા માણસો છીએ... ગીતાજ્ઞાન, વિનોબા ભાવેની ગીતા કે ટિલકજીની ગીતા, અષ્ટાવક્રગીતા કે બીજી કોઈ પણ ગીતા આપણે કયાં પચાવી જાણી છે? જરાય ટપ્પા પણ કયા પડે છે? ભક્તિ યોગ, સાંખ્ય યોગ, બ્રહ્મ ચિત્ત, સત્, સ્વરુપ, આત્મા, દ્વેત-અદ્વેત, આ બધા આફરો ચડી જાય તેવા શબ્દ માંડ સાંભળી શકાય કે ચાર-પાંચ પ્રયત્ને માંડ બોલી શકાય ત્યાં વળી આ બધાના અર્થ તો કયાંખી સમજી જ શકીએ વળી પાછા પોતાનું ગુરુપણું સિદ્ધ કરવા નિકળ્યા છે...

ફટાણાના માણસ, મરશિયાંના માણસ
અમે વારસાગત સમસ્યાના માણસ...

આપણી ચિરંજીવ સમસ્યાઓમાં અટવાતા મૂંઝાતા, અથડાતા, કૂટાતા... આપણે વળી શું ઉદ્ધાર કરવાના હતા... વારંવાર આવતી મુસીબતોમાંથી માંડ જીવન જીવવાનો આયાસ કરનારા આપણે વળી ગુરુ? નેવર.

હા ! હા! હા! ઉપર જણાવેલી કોઈ લાયકાત ન હોવા છતાં પણ, આ ગુરુપૂર્ણિમાએ તો હું મને જ પગે લાગીશ...

કારણ સાવ સાદુ અને સરળ છે... હું જ માત્ર મને પીછાણું છું... બાકી બીજા બધા મારા બાહ્યરુપને જ જાણે છે. અંતરનો સાચો મારામાનો હું તો હું તો હું જ જાણું છું...

આપણે જીવનની મુસીબત - આટાદાળના ભાવ અને દડમજલની ફિકર... અસહ્ય વેદનાના થપેડા છતાં બીજા દિવસે સવારે હસતા મોઢે ઊઠીને વળી જીંદગી સામે હામ ભરવા તૈયાર...

જે સ્વજન - સ્નેહીઓ અકોણાવેડા રાખીને વગર કારણે આપણા પ્રસંગોમાં ફજેતો કર્યો હોય, તેવા નગુણા લોકોને પણ વણદેખ્યા કરીને માત્ર પોતાની સંબંધ સાચવવાની ફરજ ન ચૂકાઈ જાય તેનું ધ્યાન રાખનાર આપણે શું... આત્મજ્ઞાની ન કહેવાઈએ?

પૈસાની હંમેશ ભીંસ અને ખેંચમાં રહેતા હોઈએ... છોકરાવની ફીસથી માંડીને બિલોની ડ્યૂડેટ માં અટવાતા હોવા છતાં... રિશ્વત લઈને કોઈનું કામ ન પતાવી આપતા પ્રામાણિક માણસ તરીકે શું મારે ગીતાનો સિદ્ધાંત સમજવાની જરૂર ખરી!

બાટકુ પણ બટકું કોઈના જેટલી ભાવના જો રહેલી હોય... થરથરતા હોવા આપણાથી પણ ઢંકાયેલ બિચારો જાય તો - ચૂપચાપ ઉતારીને આપી રોટલામાંથી મુખમાં મૂકવા આપણામાં ટાઢથી છતાં... ઓછા અંગ યાચક મળી સ્વેટર દેનારો મારા માનો હું... શું વેદની ઋચાઓ ન બોલી શકતો હોવા છતાં... સાચો યજ્ઞપુરુષ નથી?

ધાબળા વેંચવા જતી વખતે ફોટોગ્રાફરથી માંડીને લોકેશન બધું જ પહેલેથી નક્કી કર્યા મુજબ કોઈ સફેદ વસ્ત્રધારી. ભગવા વસ્ત્રધારી કે લાલ-લીલા-પીળા વસ્ત્રધારી ન હોવા છતાં... સાવ સામાન્ય શર્ટ - પેન્ટ પહેરેલો હું... માત્ર કેળાવાળા ફેરિયાની રોતી દીકરી જમી શકે માટે તેની લારીમાં પડેલા બે ડઝન કેળા કોઈ ભાવની રકઝક વગર ખરીદી લેતો હોઉં તો શું પછી કોઈ ધાર્મિક પુસ્તકોના પઠન-પાઠનની કે અનુષ્ઠાનોની જરૂર ખરી! હું સ્વયંસિદ્ધ પરબ્રહ્મનો જાણકાર સામાની વેદનાને મારી ગણનાર હોઉં તો શું આટલી ઉપલબ્ધિ ગુરુપણા માટે યોગ્ય નથી?

મારા પરિવારને બાળકોને રોજ મારા સત્-ચરિત્રથી જ મારા વર્તાવથી જ જો હું સત્ય - ઈમાનદારી - વફાદારીના ઉપદેશ આપી શકતો હોઉં તો શું મારે વ્યાસપીઠ પર ચડીને પ્રવચનો કરવાની જરૂર ખરી! ના ના ના જરાય નહીં...

અહીં માત્ર મારે મારા ગુરુ બનવાની વાત માટે જ પોતાને ગુરુ બનાવવાની વાત છે... પૂરા સમાજને ઢોલ નગારા વગાડીને સંસ્કાર-આસ્થા ચેનલોની જેમ ઉપદેશ આપવાની વાત નથી...

તું સ્વયં તારો ગુરુ થા.... એ ન્યાયે...જો સ્વયં પ્રામાણિક હોઈએ... કર્મનિષ્ઠ હોઈએ... ઋજુતા ધરાવનારા દયાળું અને કરુણાસભર હોઈએ તો બહારથી કોઈ અન્ય પાસેથી શા માટે આ બધુ ખરીદવા જવું...

રખે ને ! એવું માનતા કે ગુરુ પરંપરાના વિરોધની આ વાત છે... પરંતુ અત્યારના સમયમાં ઠગ-ભક્તો ને ઠગ-ગુરુઓ જટ હાથમાં આવે છે. સાચા ગુરુની શોધ જયાં સુધી પુરી ન થાય ત્યાં સુધી આપણે આપણા ગુરુ ખરા કે નહીં?

- jayuoza@gmail.com,
Mo. 9898046488

પ્રમાણિકતાના દીવડાનો પ્રકાશ જીવનને દૈદિપ્યમાન બનાવે

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'તમારો ફોન મુંબઈમાં ખોવાયો છે?'

અચાનક મોડી રાત્રે ફોન આવ્યોને સ્વપ્નેશ ગભરાયો, 'મારો ફોન ખોવાયો છે એની ખબર વળી કોને હશે ?' એના મનમાં પ્રશ્ન ઉઠ્યો....

'હા... હા... મારો ફોન તો ખોવાયો છે, પરંતુ આપ કોણ ? અને આપની પાસે ઓસ્ટ્રેલિયાનો મારો આ ઘરનો નંબર કયાંથી ? કેવી રીતે મળ્યો?' સ્હેજ ગભરાતાં સ્વપ્નેશે પુછ્યું...

'અરે ભાઈ, એ તો તમારે તમારો ફોન ખોઈ નાખ્યો તે પહેલાં વિચારવું જોઈતું હતું...' સામેની વ્યક્તિએ સ્હેજ હસતાં હસતાં કહ્યું...

'તમે કયાંથી બોલો છો?' પ્રશ્નના જવાબમાં સામે છેડેથી બોલી રહેલા સજ્જને કહ્યું, 'હું અત્યારે તો દુબઈથી વાત કરું છું, અને તમારો ખોવાઈ ગયેલો ફોન મારી પાસે છે...'

આમ કહી એમણે જે વાત કરી એનો ટૂંકસાર અને આખીએય કથામાંથી એક વ્યક્તિની પ્રામાણિકતા અને માનવતાની સુગંધ પ્રસરે છે.

વરસોથી વડોદરાના લાલબાગથી આગળના વિસ્તારમાં રહેતા પ્રવિણભાઈ ત્રિવેદી એમના પરિવાર સાથે રહેતા હતા. એમના બે દીકરા અભ્યાસ પૂર્ણ કરીને સ્વતંત્ર રીતે સ્કીલ બેઈઝ્ડ ધંધા-રોજગારમાં જોડાતા હતા અને ખુબ સરસ રીતે કામ કરી રહ્યા હતા.

મોટો દીકરો સ્વપ્નેશ વધુ મહત્ત્વાકાંક્ષી હતો. પરદેશ જઈને વધુ મહેનત કરીને આગળ વધવાનું સપનું પુરું કરવા ૨૦૦૮માં માતા પ્રતિભાબેન અને પિતા પ્રવિણભાઈના આશીર્વાદ લઈને એ પત્ની કોષા તથા દીકરી કેયા સાથે ઓસ્ટ્રેલિયા ગયો. ગુજરાતી પરિવારોના સાથ-સહકારથી તે ધીમે ધીમે એનો માર્ગ કરતો ગયો અને હોસ્પિટલ સાથે જોડાયેલા કામમાં ઓતપ્રોત થઈ ગયો. વડોદરા પરિવાર સાથે અને નાના ભાઈ અનિમેષ, એની પત્ની ભાવના તથા ભત્રીજી મીત સાથે વાતો થતી રહેતી. કયારેક એ ભારત આવી જતો.

વર્ષ ૨૦૧૪માં આવી જ રીતે એ વડોદરા આવ્યો હતો. થોડા દિવસો રહ્યો અને પછી વાયા મુંબઈ થઈને ઓસ્ટ્રેલિયા જવા નીકળ્યો. વડોદરાથી એ મુંબઈ ટ્રેનમાં જવાનો હતો એટલે સડસડાટ દોડતી ટ્રેનમાં મોબાઈલ ફોનમાં વાતો કરતા કરતા મુંબઈ પહોંચ્યો... રેલવે સ્ટેશન બહાર આવ્યા બાદ ખ્યાલ આવ્યો કે મોબાઈલ ટ્રેનમાં જ કયાંક પડી ગયો છે અથવા તો ભુલાઈ ગયો છે. ફરી પ્લેટફોર્મ પર આવી તપાસ પણ કરી, એમ કયાં કોને ગોતે ? થયું જવા દો... વડોદરાના ઘરે કહી દીધું કે બેટરી ડાઉન છે ફોન નહિ લાગે... એમ કરીને રાત્રીની ફલાઈટમાં એ ઓસ્ટ્રેલિયા જવા નીકળ્યો... ત્યાં ઘરે પહોંચીને પત્નીને સઘળી વાત કરી... રાત્રે જેટલેગનો થાક ઉતારવા સુતો ત્યાં ફોનની ઘંટડી વાગી અને લેખના આરંભે લખેલો સંવાદ થયો...

બન્યું હતું એવું કે એની બાજુમાં બેઠેલાં એક ભાઈને આ મોબાઈલ મળ્યો હતો... એમને સ્વપ્નેશની થોડી વાતો ફોનમાં કરતો હતો તે, બાજુમાં બેઠા હતા એટલે સાંભળી હતી... એમને પણ તાત્કાલિક વ્યવસાય અર્થે દુબઈ જવાનું હતું એટલે એ ફોન લઈને દુબઈ પહોંચી ગયા...

દુબઈથી એમણે ઓસ્ટ્રેલિયા ફોન કર્યો અને સઘળી વાત માંડીને કહી... પછી કહ્યું કે 'મને તમારા વડોદરાના ઘરનું સરનામું આપો હું અઠવાડિયા પછી વડોદરા પરત જઈશ ત્યારે આપના ઘરે આ ફોન પહોંચાડી દઈશ...' સ્વપ્નેશ એમનો આભાર માન્યો, અને એ ભાઈ સામેથી આવીને વડોદરામાં એ ફોન પાછો આપી ગયા. સ્વપ્નેશના પરિવારે કહ્યું કે અમે લઈ જઈએ તો પણ કહે કે ના, મારી જવાબદારી છે અને હું જ તમારા ઘરે આપી જઈશ... આમ એક અજાણ્યા વ્યક્તિએ, બીજાની ભૂલથી ટ્રેનમાં મળેલા મોંઘા મોબાઈલને પોતાના ખર્ચે આંતરરાષ્ટ્રીય ફોનના પૈસા ચુકવીને પણ મૂળ વ્યક્તિના પરિવારને સુપ્રત કર્યો.

મોબાઈલ ફોન આજે પ્રત્યેક વ્યક્તિ માટે એવી જણસ બની ગઈ છે કે એ જરૂરી પણ છે અને એનો બિનજરૂરી - વિવેક વિનાનો ઉપયોગ નુકશાનકારક પણ છે.

મોટાભાગે બધાનો મોબાઈલ એકાદ વાર તો ખોવાયો જ હશે. (મારા તો ત્રણ ખોવાયા છે) ફોન ખોવાય ત્યારે એની કિંમત જેટલી જ ચિંતા એમાં સમાયેલા 'ડેટા'ની પણ હોય છે. અને તેથી જ આવી કોઈ ઘટના બને ત્યારે ફોન પરત મળ્યાનો આનંદ વિશેષ હોય છે.

આપણી આસપાસ સારા માણસો છે જ, સદ્ગુણોથી સભર વ્યક્તિઓ એની સુગંધ પ્રસરાવે જ છે, સત્ય, પ્રેમ અને કરુણાના ગુણો કયાંક ને કયાંક કોઈકના વ્યક્તિત્વમાં છલકયા જ કરે છે. પ્રમાણિકતા માત્ર વસ્તુ સાથે જ જોડાયેલા સદ્ગુણ નથી, વ્યક્તિના આચાર-વિચારમાં પણ જયારે એ પ્રગટ થાય છે ત્યારે આપણી આસપાસ પ્રમાણિકતાના દીવડામાંથી ઝળહળતો પ્રકાશ રેલાય છે અને જીવનને એ વધુ દૈદીપ્યમાન બનાવે છે.

●●●

To be happy in this world, birst you need a cell phone and then you need an airplane. then you're truly wireless.

- Ted Turner